જન્મદિને વધામણી

રમેશભાઈ ઠક્કર
સાહિત્યકાર અને સચિવ, માધ્યમિક શિક્ષણ બોર્ડ
મો. : ૯૮૭૯૫૨૪૬૪૩

કિરીટભાઈ ઠક્કર
આમંત્રિત કારોબારી સભ્ય
શ્રી જલારામ સેવા સમાજ

નયનાબેન સુખડીયા
મો. ૯૮૨૫૬ ૬૫૧૪૬

નવિનચંદ્ર બી જોષી

આયુષ અશ્વિનભાઈ નાયી
મો. ૯૮૨૫૬ ૬૫૧૪૬

તનય મનિષકુમાર વ્યાસ
મો. ૯૩૭૬૧ ૪૪૩૪૧

બૅન્ક ઑફ બરોડાના ઉત્તર ગુજરાત ઝોનના જૂન માસમાં કે તે પહેલાં નિવૃત્ત થતા કર્મચારી-અધિકારીઓ માટે 'લાઈફ બિગીન્સ ઍટ ૬૦' કાર્યક્રમ તળે 'ઈમ્પૅક્ટ ઑન લાઈફ સ્ટાઈલ, કૉપિંગ વિથ ચેન્જ' વિષય પર બૅન્ક ઑફ બરોડા, ગાંધીનગરમાં કાર્યરત બરોડા ઍકેડેમી ખાતે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારીઝ, નવરંગપુરાનાં સંચાલિકા ઈશીતાબેન દ્વારા જીવન ઉપયોગી પ્રવચન આપવામાં આવ્યું હતું. ગાંધીનગર બ્રહ્માકુમારીઝનાં સંચાલિકા કૈલાશદીદીએ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી કર્મચારી-અધિકારીઓને આશીર્વચનો પાઠવ્યાં હતાં.

(તસવીર : કશ્યપ નિમાવત)

એએફએસના સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર ખાતે અભ્યાસ હેતુ જાપાનથી મુત્સ્કી, થાઈલેન્ડથી થીપ્સુડા, ઈટાલિથી ફેદરીકા અને ફ્રાંસથી આવેલા માર્કને વિદાય આપવા માટે કડી સર્વવિદ્યાલય સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ફેરવેલ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એએફએસના અધિકારીઓ સાથે એમ બી પટેલ સ્કૂલના આચાર્ય, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓની વિદાયના આ પ્રસંગે ભાવવાહી દૃશ્યો સર્જાયાં હતાં. ગુજરાતી વસ્ત્રોમાં સજ્જ ચારેય વિદ્યાર્થીઓ અદ્દલ ગુજરાતી ભાસતા હતા. તેમણે ૧ વર્ષ દરમ્યાનનાં અહીંનાં સ્મરણો વાગોળ્યાં હતાં. જે પરિવારોએ આ વિદ્યાર્થીઓને પોતાના ઘરમાં રાખ્યા હતા તે પરિવારોની બે દીકરીઓ ભાવુક બનીને રડવા માંડી હતી તો સામે પક્ષે વિદેશી વિદ્યાર્થીનીઓ પણ ભાવાવેશમાં આવીને રડી પડી હતી. અલબત્ત છૂટા પડવાની વેદનાના આ કાર્યક્રમને હળવો પણ આ જ વિદેશી વિદ્યાર્થીઓએ બનાવ્યો હતો. અંતે ગરબાની મોજ માણીને સૌએ વિદાયના આ પ્રસંગની ઉજવણી કરી હતી.

તા. ૩જીના રોજ ગાંધીનગરથી રવાના થઈ આ ચારેય વિદ્યાર્થીઓ દિલ્હી જશે જ્યાં એએફએસ દ્વારા તેમને સન્માનપૂર્વક વિદાય આપવામાં આવશે. તેઓ ૮મીએ પોતાના વતન તરફ પ્રયાણ કરશે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શ્રમદાન

ભિલોડા તાલુકાના મેરાવાડા ગામ પાસે રાજસ્થાનથી આવતા નાળા ઉપર ચેકડેમ બનાવેલ છે. ગાંધીનગરની સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા આ ચેકડેમ પાસેના કાંપને દૂર કરવાનું સેવાકાર્ય તાજેતરમાં સંપન્ન કરવામાં આવ્યું હતું. સ્થાનિક સરપંચ અર્જનુભાઈ ગામેતીની દેખરેખ હેઠળ જેસીબી મશીન ભાડે રાખવામાં આવ્યું હતું અને પાંચ કલાકની સતત મહેનત પછી માટી, ઝાંખરા, કાંપ દૂર કરી ચેકડેમને સ્વચ્છ બનાવવામાં આવ્યો હતો. ગ્રામલોકોએ આ સેવાકાર્યથી આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને સંસ્થા તથા પ્રમુખ મિલિન્દ ગુપ્તે તરફ આભારની લાગણી પ્રગટ કરી હતી.

બીબીએ કોલેજની ઈન્ટર્નશીપમાં નવી સિદ્ધિ

સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત મનપ્પુરમ્ ફાઈનાન્સમાં બીબીએના વિદ્યાર્થીઓનું ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી પી. કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન બીબીએ દ્વારા વિદ્યાર્થીઓ માટે સમર ઈન્ટરનશીપ તેમજ ફાઈનલ જોબ પ્લેસમેન્ટનું અનેરૂ આયોજન થયું હતું. હાલમાં તૃતીય વર્ષમાં આવનાર વિદ્યાર્થીઓ ૩-૫-૨૦૧૬ના રોજ તેઓની પરીક્ષા પૂર્ણ થયા બાદ તેઓની ૪-૫-૧૬થી વેકેશન દરમિયાન સમર ઈન્ટર્નશીપ શરૂ થઈ જશે.

મનપ્પુરમ્ ૧૯૪૯માં કેરળના દરિયાકાંઠાના ગામ વલપાડમાંથી શરૂ થઈ આજે ભારતની સર્વોચ્ચ નોનબેંકિંગ ફાઈનાન્સમાં નામ ધરાવે છે. આ કંપની દ્વારા બીબીએના વિદ્યાર્થીઓનું મેનેજમેન્ટના અલગ અલગ ક્ષેત્ર જેવા કે માર્કેટીંગ, ફાઈનાન્સ તેમજ એચ.આર.માં વિદ્યાર્થીઓની ૩૦ દિવસની સમર ઈન્ટેન્શીપ માટે પસંદગી કરવામાં આવી હતી. કંપનીના રીઝિઓનલ ટ્રેનિંગ હેડ અમિત દવે જેઓ આજ બીબીએ કોલેજમાંથી ૨૦૦૨માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી છે. તેઓ દ્વારા કોલેજના ૧૧૦ વિદ્યાર્થીઓ ઈન્ટેન્શીપ પ્લેસમેન્ટ માટે ઈન્ટરવ્યુ આપવા હાજર રહ્યા હતા. સૌ પ્રથમ કોલેજના ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ તન્ના દ્વારા ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને મનપ્પુરમ કંપની વિષેની માહિતી આપી હતી. તેઓએ સમર ઈન્ટેન્શીપ દરમ્યાન મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ પ્રેક્ટિકલ એક્સપોઝર કેવી રીતે મેળવવુ જોઈએ તેમજ તેમની કંપની ધંધાકીય અને સંચાલન ક્ષેત્રે વિદ્યાર્થીઓને કેવા પ્રકારની પ્રાયોગિક તાલીમ આપશે તેની ચર્ચા કરી હતી. વધુમાં જણાવ્યું હતું કે મનપ્પુરમ એનબીએફસી આજે દેશના ૨૬ રાજ્યોમાં ટોપ ૩૩૦૦ શાખાઓ તેમજ ૧૮૦૦૦ કર્મચારી ધરાવતી દેશની ટોચની કંપની તરીકે ઉભરી આવી છે. કંપનીનો વ્યાપ સતત વધી રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં પ્રથમ વાર તેઓની કંપની બીબીએ કોલેજ ખાતે ઈન્ટેન્શીપઆયોજીત કરી રહી છે. પ્રેઝન્ટેશન બાદ ૧૧૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. સમગ્ર રાજ્યમાં બીબીએ કોલેજ એક માત્ર કોલેજ છે જેના વિદ્યાર્થીઓને મનપ્પુરમ કંપની દ્વારા ઓફર કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાં ૧૧૦ બ્રાન્ચ આવેલી હોવાથી વિદ્યાર્થીઓને અનુકુળ સ્થળ ઈન્ટેન્શીપ માટે મળી શકશે. જેમાં ૧૬ વિદ્યાર્થીઓને માર્કેટીંગમાં ૨૫ને એચઆરમાં તેમજ ફાઈનાન્સમાં ૫૦ને ઓફર લેટર મળ્યા. આગામી ૪ એપ્રિલના રોજ પ્રિ. ઈન્ટેન્શીપ પ્રોગ્રામ આયોજીત થશે જેમાં કંપની દ્વારા ત્રણ એરિયામાં અલગ અલગ ટીમ દ્વારા વિદ્યાર્થીઓને પ્રિ. ઈન્ટેન્શીપ ટ્રેનિંગ આપવામાં આવશે તેમજ તેઓને સમર ઈન્ટેન્શીપ લેટર ઈશ્યૂ કરવામાં આવશે. કોલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શુ હેઠળ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ જે. તન્ના તેમજ પ્રો. આશિષ ભુવા, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા ખુબ જહેમત ઉઠાવી હતી.

સોજા હાઈસ્કૂલ દ્વારા 'જય જય ગરવી ગુજરાત કાર્યક્રમ સંપન્ન'

સાહિત્ય રસપાન દ્વારા ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧

કલોલ તાલુકાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા 'શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા'ના ઉપક્રમે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે 'જય જય ગરવી ગુજરાત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના પૂર્વ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં બાળકો માટે 'ગતિશીલ ગુજરાત મારી દૃષ્ટિએ', 'મારું ગુજરાત', 'ગુજરાતની ગરિમા', 'ગુજરાતનો ગૌરવશાળી વારસો' જેવા વિષયો પરત્વે નિબંધલેખન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને તજજ્ઞોનાં વક્તવ્યો યોજવામાં આવ્યાં હતાં. તળપદા ગુજજુ વેશભૂષાનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ગુજરાતને અનેરું

ગૌરવ બક્ષનાર વ્યક્તિ વિશેષનાં પાત્રોનું પણ વેશભૂષામાં નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીજીના ગ્રામ સફાઈના વિચારને અનુમોદન આપવા શાળાની સફાઈ કરવામાં આવી હતી. શેઠશ્રીના બાવલાની સફાઈ પણ આ પ્રસંગે કરવામાં આવી હતી.

શાળાની ઈકો ક્લબ, બાળ ઊર્જા રક્ષક દળ, સ્કાઉટ ગાઈડ, એનએસએસ, એનસીસી વગેરે દ્વારા વિશાળા રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

ચિત્ર સ્પર્ધા, સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમો, સાહિત્ય રસપાન, પુસ્તક પ્રદર્શન, તળપદી ગ્રામીણ રમતો, કાવ્યગાન, નાટક, ભવાઈ, દુહા, મુક્તક, રાસ-ગરબા, માણભટ્ટ આખ્યાન, પ્રભાતિયાં, ભજનો, છપ્પાં, ડાયરો વગેરે દ્વારા ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવામાં આવી હતી.

નીટની પરીક્ષા આ વર્ષે રદ કરવા માટે

વાલીઓની સરકારમાં ઉગ્ર રજૂઆત

અભ્યાસક્રમમાં ફેરફારથી વિદ્યાર્થીઓને અન્યાયની રાવ

ગાંધીનગર, તા. ૧

નીટના બદલે ગુજસેટની જ પરીક્ષા લેવાવી જોઈએ તેવી માંગણી વાલીઓએ તાજેતરમાં ગુજરાત સરકારના આરોગ્યમંત્રી સમક્ષ કરીને ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

મેડીકલમાં પ્રવેશ માટે ઓલ ઈન્ડીયા કોમેન એન્ટ્રસ્ટ ટેસ્ટ ફરજીયાત અંગેના સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદાના વિરોધમાં આજે ગુજરાતના વાલીઓએ રાજ્ય સરકાર સમક્ષ ઉગ્ર રજુઆતો કરી હતી. વાલીઓએ નીટની પરીક્ષા આ વર્ષે રદ કરવા માટે સુપ્રિમમાં રજુઆત કરવા રાજ્ય સરકારને વિનંતી કરી હતી.

વાલીઓએ આરોગ્ય મંત્રી સમક્ષ એવી રજુઆત કરી હતી કે ગુજરાતના વિદ્યાર્થીઓ ગુજરાત બોર્ડના છે અને ગુજસેટની તૈયારી કરી છે નીટની તૈયારી પણ નથી કરી અભ્યાસક્રમમાં પણ ઘણો ફેરફાર છે જેના કારણે વિદ્યાર્થીઓને અન્યાય થાય તેમ છે.

વાલીઓએ રાજ્ય સરકાર સામે ઉગ્ર રોષ વ્યક્ત કરીને કેન્દ્ર સરકારમાં અને સુપ્રિમમાં અસરકારક રજુઆત કરવા અને આ વર્ષે નીટની પરીક્ષા રદ કરવા અને ગુજસેટની જ પરીક્ષા લેવાય તેવા પગલા ભરવા માટેની ઉગ્ર ણાંગણી કરી હતી.

વાલીઓએ સરકાર સમક્ષ એવી રજુઆત કરી હતી કે બાળકોએ આજદિન સુધી માત્ર બે જ સેમેસ્ટરની તૈયારીઓ કરેલ છે જ્યારે નીટમાં ચાર સેમેન્ટર તૈયાર કરવાના થાય છે. જે ટુંકાગાળામાં તૈયાર કરવું અશક્ય છે.

'વ્યક્તિ જન્મથી નહિ પરંતુ કર્મથી મહાન હોય છે'

સંવેદના
મારા ગુરુ ગૌરવશાળી

હું મારા શબ્દગુરુના સ્મરણથી ઉજળી છું. જેણે મને 'શબ્દ' સાથે ઓળખાણ કરાવીને મને લખતી કરી છે તે છે મારા ગુરુ.

ગાંધીનગર શહેરમાં જૂના સચિવાલયમાં કાર્યરત ભાષા નિયામકની કચેરીમાં ફરજ બજાવતાં ભાષાંતરકાર, સિનિયર અધિકારી ભાઈશ્રી હિંમતસિંહ માનસિંહ વાઘેલા (ભરૂચવાળા)ને મેં મારા શબ્દગુરુના ઉજ્જવળ સ્થાને સ્થાપ્યા છે. મારા ગુરુ અપાર ગૌરવશાળી છે. અમારી વચ્ચેની પત્રમૈત્રી અજોડ અને વિશિષ્ટ હતી. હાલ તેઓની ઉંમર ૯૧ વર્ષ છે. તેમણે ભારત સરકારના કાયદો અને રાજભાષા વિભાગમાં અધિકારી તરીકે ફરજ બજાવી છે. દિલ્હીમાં રહ્યા તે સમય દરમ્યાન તેમણે મને જે પત્રો લખ્યા છે તે અજોડ અને અમૂલ્ય છે. મારા માટે એ સાહિત્યપ્રચૂર પત્રો કુબેરના ખજાનાથીય વધારે કિંમતી છે.

તેઓ ખૂબ સારા અને ઉચ્ચ કક્ષાના અનુવાદક છે. સંસ્કૃત સાથે તેમણે એમએ કર્યું છે અને ફિલોસોફી એમનો પ્રિય વિષય છે અને એડવોકેટ તરીકે એમણે ભરૂચ કોર્ટમાં પ્રેક્ટિસ કરી છે. તેઓ સાહિત્યકાર તરીકે ભલે જાણીતા ન હોય પરંતુ ભાષા નિયામક કચેરીના મુખપત્ર 'રાજભાષા'માં એમનાં કાવ્યો પ્રગટ થયાં છે. તેઓ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં કાવ્યો લખે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના અંગ્રેજી વૉલ્યુમ્સના ગુજરાતી અનુવાદ ગુજરાત સરકારે એમની પાસે કરાવ્યા છે. મુંબઈનિવાસી જાણીતા સાહિત્યકાર જયંતિભાઈ એમ દલાલે પણ પોતાના ગુજરાતી પુસ્તકોનાં અંગ્રજી અનુવાદ હિંમતસિંહ પાસે કરાવ્યા છે. મારાય વાર્તા સંગ્રહ 'ચણીબોર અને બીજી વાર્તાઓ'નો અંગ્રેજી અનુવાદ એમણે કર્યો છે.

કલોલમાં એક માસ સુધી જેના શો થયા હતા એ નાટક 'સિધ્ધાર્થ'નાં ગીતો તેમણે લખ્યાં હતાં, જે ખૂબ વખણાયાં હતાં ને ઘેર-ઘેર ગવાયાં હતાં. એમની હરોળનાં અગ્રણી ડૉ. પી જી જ્યોતિકર, જનબંધુ કૌશાંબી, બી કેશરશિવમ આજેય તેમને આદરથી યાદ કરે છે.

એમની પ્રતિભા ફિલ્મોના હીરો જેવી. મારા પતિય એમના પ્રશંસક.

આવા ગુરુ મેળવવા બદલ હું મારી જાતને બડભાગી માનું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે મારા ગુરુને દીર્ઘ અને સ્વસ્થ આયુ અર્પણ કરે.

- ચંદ્રાબેન શ્રીમાળી,
સેક્ટર-૩ એ



'વ્યક્તિ જન્મથી નહિ પરંતુ કર્મથી મહાન હોય છે' આ પંક્તિ શાળામાં ભણવામાં શીખ્યા હતા. પરંતુ આ પંક્તિના શબ્દોના પ્રત્યક્ષ દર્શન તો ત્યારે થયાં જ્યારે રાજ્યના પ્રથમ નાગરિક એવા રાજ્યપાલે અમને ટ્યુશન આપવા પાછળ પોતાનો અત્યંત કિંમતી સમય વિતાવ્યો. ગુરુની મહાનતાનાં દર્શન કરાવી એમણે અમને વિદ્યાર્થી તરીકે ખૂબ જ મહેનત કરવાની અને કર્મથી મહાન બનવાની પ્રેરણા આપી છે. હવે આ દેશના જવાબદાર નાગરિક બનવામાં અમે કોઈ કચાશ રાખીશું નહીં એ વાત નિશ્ચિત છે.

એમની પાસે ભણવાનો અનુભવ એ અમારી જિંદગીનો એક અનોખો અનુભવ હતો. તેઓ એક-એક શબ્દ જ્યાં સુધી અમને સમજાય નહીં ત્યાં સુધી અનેકવાર બોલીને, ગુસ્સો કર્યા વિના સમજાવતા હતા. અમને ભણાવતી વખતે તેઓ પોતાનો હોદ્દો પણ ભૂલી ગયા હતા અને માત્ર અમારા ગુરુ જ બની રહ્યા હતા. તેમણે એક શ્રેષ્ઠ શિક્ષકની જેમ લાગણી પણ દર્શાવી છે અને અમારી સાથે મજાક-મસ્તી કરીને અમને ગમ્મત સાથે જ્ઞાન મળી રહે એ વાતનું પૂરું ધ્યાન રાખ્યું છે. અંગ્રેજી જેવા ભારે લાગતા વિષયને પણ એમણે સરળ અને સરસ બનાવીને અમારી સામે પેશ કર્યો હતો.

એમના જેવા ગુરુ પામીને અમે અમારી જાતને ભાગ્યશાળી સમજીએ છીએ. હું હંમેશાં એમનો ઋણી રહીશ.

- તીર્થરાજસિંહ એમ જાડેજા

મારા દાદાજી રણછોડલાલ ભટ્ટ એ મારા માટે મારા ગુરુ. કરાંચીથી આવ્યા બાદ નવ વર્ષ સુધી અમારી સાથે રહીને સાત્વિક, સાતત્ય, ખુમારી અને ગૌરવપૂર્ણ જીવન જીવીને અમને પણ ગૌરવ સાથે જીવવાનો ગુરુમંત્ર આપ્યો. પોતે નિવૃત્ત થઈને પેન્શન નહીં મળતું હોવા છતાં ઈશ્વર પર સાચી શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને કથાવાર્તા કરવા જાય, માતાજીની પૂજા કરે, રામજી મંદિરે જઈને મંત્ર-જાપ કરે, સાંજે ઘરે પરત આવીને બાળકોને નિયમિત લેસન કરાવે. વાળુ-પાણી કર્યા બાદ કુટુંબના સભ્યોને સાથે બેસાડી પ્રાર્થના અને ભજન ગાય અને ગવડાવે, વાર્તાઓ પણ સંભળાવે. દાદા બહારથી આવે એટલે ઘરનાં બાળકો તેમને ફરતાં બેસી જાય. તે સૌને હેત કરે, લાડ લડાવે, રમાડે અને ભાગ પણ ખાવા આપે. ભૂલેચૂકેય જો અમે વાંકમાં આવી ગયા તો તો થઈ રહ્યું...ઠપકો તો આપે જ, પરંતુ યોગ્ય શિક્ષા પણ ભોગવવા તૈયાર રહેવાનું. એમના મર્મજ્ઞ ચહેરા પરથી જ અમને તેમના પ્રત્યે અનન્ય ભાવ જાગી ઊઠે. તેઓ ન્યાયપ્રિય પણ એવા જ. 'શ્રદ્ધા, ભક્તિ, ન્યાયપ્રિયતા, આત્મવિશ્વાસ અને નિર્ભયતા' એ જ એમનો ગુરુમંત્ર.

આવા ગૌરવશાળી ગુરુને મારા કોટિ-કોટિ વંદન.

- કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટ

મારે વાત કરવી છે મારા શાળાગુરુની જેમણે મને ધ્યેય નિશ્ચિત કરતાં અને તેની પ્રાપ્તિ માટે સતત પરિશ્રમ કરતાં શીખવ્યું છે.

મારું વતન વાંસદા - સ્વતંત્રતા પહેલાંનું એક દેશી રજવાડું. શિક્ષણ અને આરોગ્યસેવા મફત. રાજા ઈન્દ્રસિંહજી વહીવટે કડક પણ હૃદયે દયાળુ, રાષ્ટ્રભાવથી છલોછલ. દેશ વિભાજનના પરિણામે અનેક વિસ્થાપિતો નિરાધાર થઈ ભારતમાં પથરાયા, તેમાંના બે પરિવારો - એક પશ્ચિમ પંજાબનો અને એક પૂર્વ બંગાળનો - વાંસદામાં આશ્રય પામ્યા. બંગાળના સેનગુપ્તાને અમારી શાળામાં અંગ્રેજીના શિક્ષક બનાવાયા. પંજાબના ડૉ. સાતનામસિંહ ચાવલા હૉસ્પિટલના દાક્તર તરીકે અને એમનાં પત્ની ગુરુશરણ ચાવલાને અંગ્રેજીના અને તેમના સાળા વરિયામસિંહ સોઢીને મૅથેમૅટિક્સના શિક્ષક નિમ્યા.

વિભાજન સમયે હું પાંચમા ધોરણમાં અભ્યાસ કરી રહ્યો હતો. બધા જ વિષયો મને ફાવતા પણ ગણિત પ્રત્યે મને ખાસ લગાવ હતો. દસમા અને અગ્યારમા ધોરણમાં સેઠીસાહેબ પાસે મને એ શીખવાની તક મળી. એમણે મને ન માત્ર ગણિત પરંતુ જીવનમાં આવતી દરેક સમસ્યાને ચીલાચાલુ દૃષ્ટિથી ન જોતાં તેનો પરિચ્છેદ કરી સૌથી વધુ લાભો આપતા વિકલ્પની ખોજ કરતાં શીખવ્યું. મારામાં તેઓ અંગત રસ લેતા. મને શાળા સમય પછી અલગ રીતે પોતાના રહેઠાણે બોલાવી કોર્સ બહારના પણ અનેક ટૉપીક મને શીખવતા. તેઓ હંમેશાં કહેતા, 'નક્કી કરેલ કોર્સ તો સામાન્ય વિદ્યાર્થી માટે હોય. આપણે તો વધુ અને નવું શીખીને ઊંચાં નિશાન તાકવાં.' આમ, ઊંચું ધ્યેય રાખી તેની પ્રાપ્તિ માટે સતત અને સખ્ત પરિશ્રમ કરવાની તેમણે મને ટેવ પાડી. મારા સ્વાસ્થ્યની પણ તેઓ ખાસ ચિંતા કરતા અને આયુર્વેદ તથા નૈસર્ગિક ચિકિત્સાના ઉપાયો સૂચવતા.

એસએસસી બૉર્ડની પરીક્ષામાં મળેલી સફળતાને કારણે મને મુંબઈની ગોકુલદાસ તેજપાલ (જીટી) ધર્માદા બૉર્ડીંગ સ્કૂલમાં સંપૂર્ણ ખર્ચ માફી સાથે રહેવા, જમવા અને કૉલેજ ફીની સગવડ સાથે પ્રવેશ મળી ગયો. બૉર્ડિંગ સાથેની ગોઠવણને કારણે દરેક બૉર્ડરે વિલ્સન કૉલેજમાં પ્રવેશ મેળવવો પડતો.

એ સમય દરમ્યાન સેઠી સાહેબ પંજાબ યુનિવર્સિટીની એમએસસીની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ મુંબઈની ખાલસા કૉલેજમાં આસિ. પ્રૉફેસર તરીકે જોડાયા. તેમણે તરત મને સંભાર્યો અને મળવા બોલાવ્યો. જો હું વિસ્લન છોડી ખાલસા કૉલેજમાં જાઉં તો જીટી બૉર્ડિંગમાં મળતી બધી જ સગવડો અને કૉલેજ ફી માફી તેમણે કૉલેજ તરફથી મેળવી આપવાની ઑફર કરી, પણ મેં સ્વાકારી નહીં. તેઓ નારાજ થયા પણ સમજાવટથી કામ લીધું.

ઈન્ટરસાયન્સ પાસ કરી હું મુંબઈની એકમાત્ર ઈજનેરી કૉલેજ વીજેટીઆઈમાં દાખલ થયો, જ્યાંથી ખાલસા કૉલેજ નજીક હતી. શરૂઆતમાં સેઠીસાહેબને મળ્યો, પછી અભ્યાસમાં વ્યસ્ત થઈ ગયો, એ પછી એમની સાથેનો સંપર્કસેતુ તૂટી ગયો.

થોડાં વર્ષો પહેલાં પ્રવીણભાઈ લહેરી દ્વારા અખબારમાં લખાયેલા લેખમાં એમનું નામ વાંચ્યું ને સેઠી સાહેબનાં સ્મરણો સ્મૃતિપટ ઉપર ઊભરાઈ આવ્યાં. એમને નારાજ કરવા બદલ ને એમની સાથે સંપર્ક ન જાળવવા બદલ મેં મનોમન એમની ક્ષમા યાચી અને મને વિશ્વાસ છે કે એમણે મને માફ કર્યો હશે.

'મનની ક્ષિતિજો અમર્યાદ છે' એવું મને ભાન કરાવનાર મારા આ ગુરુનો હું સદાય ઋણી રહીશ.

- મહેન્દ્ર પુરોહિત, સેક્ટર-૨૦